**અમદાવાદ(રૂરલ)ના મહે.૮મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.૯૧૩૮/૨૦૨૧**

**આંક:–**

**<u>–: ચુકાદો :–</u>**

(૧). આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપી નં.૧ થી ૧૦ ની જુગારધારા કલમ– ૧૨ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી નં.૧ થી ૧૦ નાઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીઓએ રોકડ રકમ અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપી નં.૧ થી ૧૦ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી નં.૧ થી ૧૦ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપી નં.૧ થી ૧૦ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપી નં.૧ થી ૧૦ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**<u>–: હુકમ :–</u>**

(૧) આરોપી નં.૧) વિક્રમભાઈ પોપટભાઈ ભરવાડ, આરોપી નં.ર) મહેન્દ્રસિંગ મેતુભા ઝાલા, આરોપી નં.૩) જગદીશભાઈ નાગજીભાઈ ભરવાડ, આરોપી નં.૪) સેંધાભાઈ ભીખાભાઈ ભરવાડ, આરોપી નં.૫) વિક્રમસિંહ ગંભીરસિંહ ઝાલા, આરોપી નં.૬) જીગરસિંહ આણંદસિંહ ઝાલા, આરોપી નં.૭) અરજણભાઈ હાથીભાઈ ભરવાડ, આરોપી નં.૮) નિરજ કાંતિભાઈ ભરવાડ, આરોપી નં.૯) અજય ચતુરભાઈ રાવળ તથા આરોપી નં.૧૦) સંજય કાળુભાઈ ભરવાડ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–રપર મુજબ ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૫૦/– (અંકે રૂપિયા પચાસ પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

(ર) મુદામાલ પૈકી રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા બાકીના મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ–૧૧–મી, માહે–સપ્ટેમ્બર, સને–ર૦ર૧ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૧/૦૯/ર૦ર૧
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.એસ.એન ફાળકી)
આઠમા એડી.સીવીલ જજ
અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ (ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.001579**